**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૧/૮/૨૦૧૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૭૬૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી અને ૨૧ વ્યક્તિઓને ઝડપી ૧૫૩ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઇગ્લીશ દારૂ, ૨૮૮ બિયરટીન અને ૦૧ કાર કબ્જે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૪૮,૧૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :** **સમાચાર યાદી નં.૧૭૬૪/૧૫**

**વટવા :** નવીનચંદ્ર મણીલાલ ગજ્જર (રહે.નિગમ સોસાયટી, વટવા) એ તા.૩૦/૮/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૮/૧૫ નાં કલાક ૧૦/૦૦ થી તા.૩૦/૮/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના, નોકિયા મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૬,૧૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જે.ઠુમ્મર ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૫/૧૫**

**નરોડાઃ** સરદારજી રુપસંગજી ઠાકોર (રહે.રામદુત એન્ટરપ્રાઈઝ ગાયત્રી મંદિર રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૮/૧૫ કલાક ૨/૩૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન નરોડા જીઆઈડીસી રામદુત ફેકટરી ખાતે વોચમેન તરીકે નોકરી કરતા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષો સરદારજી ઠાકોર નજીક આવી સરદારજીનુ મોઢુ દબાવી હાથ-પગ બાંધી ફેકટરીમાં પ્રવેશ કરી ૪૨૫ કિલોગ્રામ રોમટીરીયલ્સ એચ એસીડનો માલ કિમત રૂપિયા ૧,૮૦,૬૨૫/- લુંટ કરી પલાયન થઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર બી રાણા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૬/૧૫**

**મેઘાણીનગર :** ભરતભાઇ નારણજી દરબાર (ઉ.વ.૪૦)(રહે.સરસ્વતીનગર, મેઘાણીનગર) એ બેકારીથી કંટાળી જઇ તા..૨૯/૮/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ લેતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૮/૧૫ નાં કલાક ૧૦/૧૫ વાગે ભરતભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશકુમાર મીઠાભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ગુમ થવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૭૬૭/૧૫**

| | |
|---|---|
| **વેજલપુરઃ** જલ્પાબહેન જતિનભાઈ સોધમ (ઉ.વ.૨૩) (રહે.મહાવીર એપાર્ટમેન્ટ ચંદ્રનગર વાસણા) તા.૬/૭/૧૫ બપોરના ૨/૧૫ વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને રંગે ગોરા છે. કાળા રંગનો ડ્રેસ પહેર્યો છે.ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. ( વેજલપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૮૨૦૫૫૮) |  |
| **નિકોલઃ** દર્શનાબહેન નરેન્દ્રભાઈ દવે (ઉ.વ.૨૦) (રહે.લક્ષ્મી રોહાઉસ ઉમા સ્કૂલની બાજુમાં નિકોલ નરોડા રોડ) તા.30/૬/૧૫ કલાક ૮/00 વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગની ટી-શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. નાક ઉપર તલ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (નિકોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૯૨૯૨૬૪૬) |  |
| **કૃષ્ણનગરઃ** દિપકભાઈ ગંગારામ માગીલવાડ (ઉ.વ.૫૫) (રહે. વિનાયક વાટીકા સેન્ટ મેરી સ્કૂલની બાજુમાં નવા નરોડા) તા.૪/૭/૧૫ બપોરના ૪/00 વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ શર્ત અને છીંકણી રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે. (કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૨૧૪૫૧) |  |
| **શાહીબાગઃ** અબુભાઈ ઈસ્માઈલભાઈ કુંગરા (ઉ.વ.૫૨) (રહે. ગામ ભદ્રેશ્વર માણેકવાસ તાલુકો મુન્દ્રા જીલ્લો કચ્છ) તા.3/૭/૧૫ કલાક ૧૦/00 વાગ્યાના સુમારે શાહીબાગ સીવીલ હોસ્પીટલાના કેન્સર વોર્ડ માંથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને શ્યામવર્ણા છે. સફેદ-કાલા રંગનો શર્ટ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે. ( શાહીબાગ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૬૮૦૨૫) |  |
| **ઈસનપુરઃ** નિલેશ ગણેશ સિંગ (ઉ.વ.૧૫) (રહે.વિરાટનગર સુભાષમાર્ગ સામે સરદાર ચોક ઈસનપુર) તા.૨૩/૭/૧૫ બપોરના ૧/30 વાગ્યાના સુમારેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે.કાળા-સફેદ રંગનુ શર્ટ અને કાળા રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ છે. (ઈસનપુર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૪૩0૧૮0) |  |
| **નરોડાઃ** મોનીકા ઓમપ્રકાશ યાદવ (ઉ.વ.૧૭) (રહે. પાર્શ્વનાથ ટાઉનશીપ કૃષ્ણનગર નરોડા) તા.૯/૭/૧૫ કલાક ૧૦/30 વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. ક્રિમ રંગનો કુર્તો અને કાળા રંગની લેગીઝ પહેરી છે. જમણા હાથ ઉપર દાઝેલાનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)